# પ્રાંતિજના કતપુર ગામે કારચાલકે ગર્ભવતી મહિલાને અડફેટે લીધી

### ગ્રામજનોએ કારને ઉંચી કરી મહિલાને કાર નીચેથી બહાર કાઢી ૧૦૮ મારફતે સારવાર હેઠળ ખસેડવામાં આવી

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ કતપુર ગામે કાર ચાલકે ફુલ ફાસ્ટ બેદરકારી રીતે હંકારી લાવીને કાર ઉપરથી કાબુ ગુમાવી ઘર આંગણે ઉભેલી ગર્ભવતી મહિલાને ટક્કર મારી ૧૦૦ ફુટ સુધી ધસડી ગયો.



પ્રાંતિજ નજીક નેશનલ હાઈવે આઠ ટોલનાકા પાસે આવેલ કતપુર ખાતે બપોરના સમયે કાર નંબર-જીજે.૧૮.એએચ.૨૮૮૨નો કારચાલક ફુલફાસ્ટ બેદરકારી રીતે કાર હંકારી લાવીને કતપુર ગામની મહિલા હીરાબેન રાકેશભાઈ વાધેલા ઉ.વર્ષ અંદાજે-૨૦ કે જે પોતે ગર્ભવતી હતી અને આઠ માસનો ગર્ભ છે જે પોતાના ઘર બહાર આંગણામાં રોડની સાઈડમાં ઉભેલી ને અચાનક બેદરકારી રીતે કારચાલક કાર હંકારી લાવીને મહિલાને ટક્કર મારી મહિલાને ૧૦૦ ફુટ ધસડી ગયો હતો અને તેને શરીરે તથા માથાનાં ભાગે ગંભીર ઈજાઓ પહોચાડી હતી અને અકસ્માત સર્જીને કારચાલક કાર મુકીને ભાગી ગયો હતો જયારે અકસ્માતની જાણ આજુબાજુના તથા ગ્રામજનોને થતાં લોકો ધટનાસ્થળે દોડી આવ્યા હતાં અને કાર નીચે દટાયેલ મહિલાને કાર ઉંચી કરીને બહાર કાઢવામાં આવી હતી અને ૧૦૮ મારફતે મહિલાને પહેલાં પ્રાંતિજ સિવિલ અને વધુ સારવાર અર્થે હિંમતનગર સિવિલ ખાતે ખસેડવામાં આવી હતી. જયારે અકસ્માત અંગેના સમાચાર પ્રાંતિજ પોલિસને મળતાં અકસ્માત સ્થળ ઉપર દોડી આવી હતી અને ગામજનો તથા સગાસંબધીઓને સમજાવી મામલો થાળે પાડયો હતો ત્યારે ટોલટેકસ બચાવવાની લાહ્યમાં વડવાસા તથા કતપુર અનવરપુરા થઈને વાહનો નિકળે છે અને રોજનાં હજારો વાહનો ટોલટેક્સ બચાવવાની લાહ્યમાં ગામમાં નિકળે છે અને જાણે નેશનલ હાઈવે ઉપર જતાં હોય તેમ પોતાના વાહનો ફુલફાસ્ટ હંકારીને રાત દિવસ નિકળે છે. અને નાના મોટા અવારનવાર વાહનો ચાલકો દ્વારા ગામજનોને અડફેટે લેવાની ઘટના બની છે ત્યારે ગામજનો દ્વારા તંત્રમાં અનેક વાર રજુઆતો કરવાં છતાં વાહનો ગામમાં થઈને આવતા વાહનોને આજદિન સુધી બંધ કરવામાં આવ્યાં નથી અને કોઈ મોટી ઘટનાની રાહ જોવાની હોય તેવું હાલ તો જણાઈ આવે છે.



# પ્રાંતિજના ગળતેશ્વર ખાતે ડુબી ગયેલ છ યુવકોના કેસમાં દોષિત સામે ફરીયાદ નોંધવા હાઈકોર્ટનો હુકમ

### લીઝધારકો અને ભૂસ્તરશાસ્ત્રીઓ સામે ફરીયાદની સુચના

પ્રાંતિજ તા.૪

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના રાસલોડ ખાતે રહેતાં છ યુવકો પ્રવિત્ર રક્ષાબંધન ના દિવસે ગળતેશ્વર નદીમાં ન્હાવા પડેલ યુવકો ડુબી જતાં મોત નિપજ્યું હતું અને પ્રાંતિજ પોલીસ સ્ટેશન માં ફરીયાદ કરવામાં આવીહતી પણ ફરીયાદ લેવામાં આવી નહોતી અને આખો મામલો હાઈકોર્ટ માં ગયો હતો જેમાં આજે પ્રથમ સુનાવણી માં જ કોર્ટ દ્વારા પ્રાંતિજ પોલિસ ને દોષિતો સામે ફરીયાદ લેવાં પોલિસ ને સુચના કરવામાં આવી છે.





પ્રાંતિજ ના રાસલોડ ગામે રહેતાં છ યુવકો ગળતેશ્વર ખાતે આવેલ સાબરમતી નદીમાં રક્ષાબંધન ના દિવસે તા.૧૮/૮/ ૨૦૧૬ ના રોજ છ યુવકો પાણીમાં ડુબી જવાથી મોત નિપજ્યું હતું જેને લઈને ૧૯/૩/૨૦૧૭ ના રોજ પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં ફરીયાદ કરવામાં આવી હતી પરંતુ પ્રાંતિજ પોલિસ દ્વારા ફરીયાદ લેવામાં આવી ન હતી જેને લઈને પટેલ દિપકભાઈ ચતુરભાઈ હાઈકોર્ટે માં ફરીયાદ કરવામાં આવી હતી જેને લઈને તા.૪/૪/૨૦૧૭ ને મંગળવાર ના રોજ હાઈકોર્ટે માં પ્રથમ સુનાવણી ના દિવસે જ હાઈકોર્ટે દ્વારાં પ્રાંતિજ પોલિસ ને દોષિતો સામે કેશ દાખલ કરવા સુચના આપવામાં આવી જેમાં લીઝ ધારકો તથા ભૂસ્તરશાસ્ત્રી સામે કેશ દાખલ કરવાં માટે ની હાઈકોર્ટે દ્વારા સુચના આપવામાં આવી છે ત્યાંરે મોડે- મોડે પણ આખરે હાઈકોર્ટે સુચનાથી લીઝ ધારકો તથા ભૂસ્તરશાસ્ત્રી સામે કોર્ટ ની સુચનાથી પ્રાંતિજ પોલિસ દ્વારા ફરીયાદ દાખલ થશે જેને લઈને રાસલોડ ગામ સહિત પથક માં હાઈકોર્ટે ની સુનાવણી ને લઈને ખુશી જોવાં મળી હતી અને ખરેખર જે કોઈ દોષિત હોય તેમણે સજા થાય તેવી માંગ પણ ઉડવા પામી છે.

# વેળાવાપુરાની સીમમાં ઘઉં ભરેલુ જીપડાલુ ઝડપાયુ

### ૩૯ બોરી ઘઉં સહિત ૨.૪૦ લાખનો મુદ્દામાલ કબ્જે લેવાયો

ડીસા, તા. ૪

ડીસા તાલુકાના વેળાવાપુરામાં પુરવઠા અને પોલીસની ટીમે એક બાતમીના આધારે રેડ કરી ખેતરમાંથી ૩૯ બોરી ઘઉંનો જથ્થો ભરેલુ જીપડાલુ પકડી રૂ. ૨.૪૦ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ડીસા તાલુકાના વેળાવાપુરા ગામની સીમમાં એક શંકાસ્પદ રીતે ઘઉંનો જથ્થો ભરેલુ જીપડાલુ પડ્યુ હોવાની બાતમીના આધારે જિલ્લા પુરવઠા વિભાગના ચીફ ઈન્સ્પેક્ટર કલજી ઠાકોર, ઈન્સ્પેક્ટર ફીરોજ બાગવાન, ભગવતીબેન, ડીસા નાયબ પુરવઠા મામલતદાર એ.જે. પારધી, ડીસા મામલતદાર પી.આર. ઠાકોર, તાલુકા પી.આઈ. ડી.ડી. ચૌહાણ સહિતની ટીમ ઘટનાસ્થળે દોડી આવી જીપડાલા નં. જીજે.૮૪.૩૬૧૧ને કબ્જે લઈ તપાસ કરતા તેમાંથી ૩૯ બોરી ઘઉંનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે રૂ. ૭૯ હજારનો ઘઉંનો જથ્થો અને રૂ. ૧.૨૫ લાખનું જીપડાલુ કુલ રૂ. ૨.૪૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ખેતરમાં માલિક જાલમસિંહ દેવીસિંહ ઠાકોર વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરી આ જથ્થો કોનો છે અને ક્યાંથી ક્યાં લઈ જવાનો હતો તે અંગે ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.



# પાલનપુર ખાતે ૮મીથી કૃષિમેળો

પાલનપુર, તા. ૪

ઉતર ગુજરાતનો સૌથી મોટો કૃષિ મેળો પાલનપુર ખાતે યોજાશે.

ગીરીશભાઈ જગાણીયા ૮મી એપ્રિલથી ૧૧મી એપ્રિલ ઉત્તર ગુજરાતનો સૌથી મોટો કૃષિ મેળો પાલનપુર ખાતે ઉદ્‌ઘાટન સમારોહ સવારે ૯ વાગે યોજાશે.

રાજ્યના પ્રદેશ ભાજપાના અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી, રાજયના નાયબ મુખ્યમંત્રી નીતીનભાઈ પટેલ, કૃષિમંત્રી ચીમનભાઈ સાપરિયા, પ્રભારીમંત્રી દિલીપભાઈ ઠાકોર, રાજ્યના મંત્રી શંકરભાઈ ચૌધરી, મંત્રી કેશાજી ચૌહાણ અને અન્ય મહાનુભાવોની હાજરીમાં યોજાવાનો છે. રાજ્યની ૧૫૦થી વધુ વિવિધ કંપનીઓ ભાગ લઈ રહી છે અને ઉતર ગુજરાતના ૩ લાખથી વધુ ખેડૂતો ભાગ લેવાના છે.

# શામળાજીમાં આંજણા ચૌધરી સમાજના કાર્યકરોની તૃતીય સંગઠન ચિંતન શિબિર યોજાઈ

ભિલોડા,તા.૪

સાબરકાંઠા-અરવલ્લી જીલ્લાના ૨૨૦ ગામોમાં વસવાટ કરતા આંજણા ચૌધરી સમાજના ભાઈઓ-બહેનોના સંઘઠનને વધુમાં વધુ મજબુત બનાવવા માટે તૃતીય સંઘઠન ચિંતન શિબિર યોજાઈ હતી. ભિલોડા તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ શામળાજીમાં પરમ પુજ્ય ડોગરેજી મહારાજ અન્નક્ષેત્રના હોલમાં આંજણા ચૌધરી સમાજના કાર્યકરોની ચિંતન શિબિરમાં ચૌધરી સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.





સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.પુર્વ મેનેજર જીતુભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં સાબરકાંઠા-અરવલ્લી અખીલ આંજણા ફાઉન્ડેશનના બંધારણનો ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ધી જમીન વિકાસ ખેતી બેંક લી.પુર્વ ચેરમેન કનુભાઈ એમ.પટેલ, પ્રવિણભાઈ પટેલ બાયડ, કેશુભાઈ પટેલ મોટા કોટડા, તા.ઈડર, દામુભાઈ પટેલ ભિલોડા, અનિલભાઈ પટેલ ધનસુરા, આર.સી.પટેલ લક્ષ્મીપુરા, અશોકભાઈ દેસાઈ ભદ્રેસર, એન.ડી.પટેલ રામનગર, નરસિંહભાઈ પટેલ કાનપુર, ગીરીશભાઈ પટેલ ખોડંબા, શામળદાસ પટેલ ટાકાટુકા, રઘજીભાઈ પટેલ, કાનપુર સહિત સાબરકાંઠા-અરવલ્લી જીલ્લાના ૧૨ તાલુકાના ચૌધરી સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ચૌધરી સમાજના આગેવાનોએ પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યું હતું કે ચૌધરી સમાજમાં વ્યર્થ ખર્ચાઓ બંધ કરવા, વ્યસનમુક્તિ અભિયાન, શિક્ષણ મજબુત બનાવવા, બેટી બચાવો અભિયાન, ચૌધરી સમાજનું સંકુલ ભવિષ્યમાં બનાવવું સહિત વિવિધ મુદ્દાઓ ઉપર ચર્ચા-વિચારણાઓ કરવામાં આવી હતી.

# રાણીઓડ પ્રાથમિક શાળામાં વાર્ષિકોત્સવ અને સન્માન સમારંભ કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૪

રાણીઓડ પ્રાથમીક શાળામાં વાર્ષિકોત્સવ અને દાતાઓનો સન્માન સમારંભ કાર્યક્રમ યોજાયો હતો. રાણીઓડ પ્રાથમીક શાળામાં નૃત્યો, ગરબા, નાટકો સહિત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોરર્પોરેશન લી. ધ્વારા રાણીઓડ પ્રાથમીક શાળામાં મીનરલ વોટર પ્લાન્ટ, વોટર કુલર, સ્કુલ યુનિફોર્મ, સ્કુલ બેગનું દાન આપવામાં આવ્યું હતું ત્યારે વિદ્યાર્થીઓમાં અને ગ્રામજનોમાં આનંદની લાગણી પ્રસરી હતી. આ પ્રસંગે હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોરર્પોરેશન લી. અધિકારી સુરેશભાઈ લેઉઆ, નરસિંહભાઈ નિનામા ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્‌ઘાટક રાજુભાઈ ડામોર, તિથી ભોજન દાતા દિતાભાઈ નિનામા રાણીઓડ સામાજીક કાર્યકર, ડે.સરપંચ ગોરીબેન પારઘી, મંડપ દાતા મરતાજી નિનામા, રાણીઓડ પ્રાથમીક શાળા આચાર્ય મનોજભાઈ ડામોર, ઉ. શિ. ભરતભાઈ પ્રજાપતી, સ્ટાફ પરીવાર, એસ.એમ.સી. સભ્યો, ગ્રામજનો, વાલીઓ, આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. રાણીઓડ પ્રાથમીક શાળા પરીવાર ધ્વારા દાતાઓનું સન્માન કરાયું હતું.



ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત આર.જી.બારોટ એજ્યુંકેશન કેમ્પસમાં આવેલ અક્ષર ઈન્ટરનેશનલ સી.બી.એસ.ઈ. અંગ્રેજી મીડીયમ સ્કુલમાં પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. સમાજ સેવા ટ્રસ્ટ સહમંત્રી નયનાબેન કિર્તીકુમાર બારોટ, પ્રિન્સિપાલ આર. એસ. ચૌહાણ, સ્ટાફ પરીવારએ ઉપસ્થિત રહી નવિન પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને પ્રવેશ આપી નવિન સત્રનું ઉદ્‌ઘાટન કર્યુ હતું.

# અમેરિકા સ્થિત યુવાને પાલનપુરમાં પાણીની પરબ માટે એકાવન હજારનું દાન મોકલ્યુ

પાલનપુર, તા. ૪

છેલ્લા સાત વર્ષથી પાલનપુર ગુરૂનાનક ચોક પાલનપુર મુકામે સદભાવના ગ્રુપ દ્વારા મિનરલ પાણીની પરબ અવિરત પણે ચલાવવામાં આવે છે. જેને જોઈ અનુકરણ કરી છેલ્લા ૨ વર્ષથી પાલનપુરમાં અનેકવિધ સેવાકીય સંસ્થાઓ પાલનપુર તથા જીલ્લામાં અનેક જગ્યાએ પાણીની પરબ ઉનાળાની ઋતુમાં શરૂ કરે છે.

સોશિયલ મીડિયા એટલે કે ફેસબુકના માધ્યમથી અમેરીકામાં બેઠેલા મૂળ ભારતીય અને મહેશાણાના સચિન પટેલ નામના યુવાન કે જેઓ ન્યુયોર્ક સિટીમાં પોતાના સ્ટોર અને ગેસસ્ટેશન (પેટ્રોલપંપ) ચલાવે છે જેઓ ઘણા સમયથી સદભાવના ગ્રુપની પ્રવૃતિ જોઈ રહ્યા હતા. તેઓ સદભાવના ગ્રુપના ચેરમેન હરેશ ચૌધરીને ઓળખતા નથી કે નથી કદી મળેલા પરંતુ સદભાવના ગ્રુપના કર્યોથી પ્રભાવિત થઈ કહ્યા વગર તેમના નામે પાલનપુર પોસ્ટ ઓફિસમાં વેસ્ટર્ન યુનિયનના માધ્યમથી ૮૧૩ ડોલર એટલે કે ૫૧,૧૦૮ રૂપિયા દાન ૩૧-૩ ના રોજ મોકલ્યું છે.પાણીની પરબ માટે સદભાવના ગ્રુપ કોઈ ફાળો ના સ્વીકારતું હોઈ દાતા સચીનભાઈ પટેલની લાગણીને ધ્યાને રાખતા મળેલ રકમ સદભાવના ગ્રુપના હરેશ ચૌધરી દ્વારા પાલનપુર અનાથ આશ્રમમાં આપવાનું નક્કી કરેલ છે.

આમ નિયત જો તમારી સારી હોય તો લોકો તમને પાતાળમાંથી શોધી કાઢે છે આ ઉક્તિ આજે સાચી ઠરતી હોય એમ લાગે છે. અનેક સેવાના કર્યો કરતું સદભાવના ગ્રુપ યુવાનો માટે પ્રેરણા દાઈ બન્યું છે. અને એમાં પણ ખાસ કરીને સોસીયલ મીડિયાનો સદુપયોગ યુવાનોમાં જાગૃતતા અને સકારાત્મક કર્યો કરવા અને ફેસબુક વોટ્સપનો સદઉપયોગ કરવા માટે યુવાનોને પ્રેર્યા છે.





# પાલનપુર શહેરમાં રામનવમી પર્વ પર ભવ્ય શોભાયાત્રાનું ઠેર ઠેર સ્વાગત કરાયુ

પાલનપુર મોટા રામજી મંદિરથી રામનવમીની શોભાયાત્રા નીકળવામાં આવી હતી આ વર્ષે બે રામ નવમી હોવાથી આયોજકો દ્વારા આજે પાલનપુર માં શ્રીરામ ભગવાન ની વાજતે ગાજતે શોભાયાત્રા નીકળવામાં આવી હતી જેમાં વર્ષે શોભાયાત્રાનો રૂટ લંબાવી નવા વિસ્તારોને આવરી લેવાતાં રામ ભક્તો આનંદની લાગણી છવાઈ હતી. પાલનપુર મોટા રામજી મંદિરમાં આજે રામ નવમી પ્રસંગે રામ જન્મોત્સવ ,મહાઆરતી, રામઝુલા દર્શન તેમજ પ્રસાદનું વિતરણ કર્યા બાદ બપોર સમયે પથ્થર સડક મોટા રામજી મંદિરથી શોભાયાત્રાનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું આ .શોભાયાત્રા મોટી બજાર, નાની બજાર, ત્રણબત્તી, ખોડાલીમડા, ગઠામણ દરવાજા, ટેકનિકલ હાઈસ્કૂલ, સંજય ચોક, ગુરુનાનક ચોક, કિર્તીસ્તંભ, સ્ટેશન રોડ, સીમલાગેટ, દિલ્હી ગેટ થઈ નીજ મંદિરે પરત ફરી હતી ઠેર ઠેર સ્થળ પર શોભાયાત્રા નું સ્વાગત કરવામાં આવ્યું હતું . શોભાયાત્રામાં બે ઘોડા, બે રથ, બે ઉંટલારી, બે ડીજે સાઉન્ડ તેમજ પ્રસાદનું વિતરણ માટેનું વાહન સહિત શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ભક્તજનો જોડ્યા હતા.